# દોસ્ત દોસ્ત ના રહા... પ્યાર પ્યાર ના રહા... ભાજપ

ગાંધીનગર, તા. ૨૭

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીઓના જ્યારથી પરિણામ જાહેર થયા ત્યારથી સત્તાની ખુરશીની ખેંચતાણ શરૂ થઈ ગઈ અને દેશની પ્રજાએ સત્તા માટે પોતપોતાની કહેવાતી ''વિચારધારા''ને નેવે મુકીને રાજકીય દાવપેચ રમતા દેશના મુખ્ય રાજકીય પક્ષોને નિહાળ્યાં છે. જ્યારે ભાજપે અજિત પવારને ''ફોડી'' સત્તા હાંસલ કરવા પ્રયાસ કર્યો ત્યારે પ્રજાએ સોશ્યલ મિડીયા પર એનસીપી-કોંગ્રેસ-શિવસેનાની ત્રિપુટીની મજાક ઉડાવતા ચબરાકિયાં માણ્યા હતા પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે અને છેલ્લી ઓવરમાં શરદ પવારે ફરી બાજી મારી લીધી છે જેને કારણે અત્યારે દેશના સૌથી શક્તિશાળી ગણાતા પક્ષ ભાજપે પણ ઘુંટણિયે પડવું પડ્યું છે. આ સ્થિતિને ગાંધીનગરના મહેન્દ્ર રાઠોડ નામના નાગરિકે વિવિધ હિન્દી ફિલ્મી ગીતોના મુખડાંનો ઉપયોગ કરી રમૂજી રીતે જોવા હળવો પ્રયાસ કર્યો છે તે માણવા જેવો છે...

● શિવસેના ટુ ભાજપ :
''જાને વાલે જરા હોશિયાર યહાંકે હમ હૈ રાજકુમાર...''

● એન.સી.પી. ટુ ભાજપ :
''હમ કાલે હૈ તો ક્યા હુવા દિલવાલે હૈ...''

● શિવસેના ટુ એન.સી.પી. :
''તુમ્હી મેરી મંદિર તુમ્હી મેરી પૂજા તુમ્હી દેવતા હો...''

● એન.સી.પી. ટુ કોંગ્રેસ :
''સાથી હાથ બઢાના એક અકેલા થક જાયેગા...''

● શિવસેના ટુ કોંગ્રેસ :
''યે દોસ્તી હમ નહિ છોડેંગે...''

● કોંગ્રેસ-એન.સી.પી. ટુ શિવસેના :
''જબસે બલમ ઘર આયે જીયરા મચલ-મચલ જાય...''

● કોંગ્રેસ ટુ શિવસેના :
''જો તુમકો પસંદ વહી બાત કહેંગે...''

● એન.સી.પી. ટુ એન.સી.પી. (અજીત પવાર)
''કોઈ જબ તુમ્હારા હૃદય તોડ દે તડપતા હુવા...''

● ગઠબંધન ટુ ગઠબંધન (એકબીજાને)
સજના સાથ નિભાના... સજના સાથ નિભાના...

● ભાજપ ટુ ભાજપ (પોતાને) :
''યે ક્યા હુઆ, કૈસે હુઆ, કબ હુઆ...''

● ભાજપ ટુ પ્રજા :
''એક વો ભી દિવાલીથી એક એ ભી દિવાલી હૈ...''

● પ્રજા (મનોમન) :
''સુખકે સબ સાથી, દુઃખમે ન કોઈ...

● ભાજપ ટુ શિવસેના :
''દોસ્ત-દોસ્ત ના રહા પ્યાર-પ્યાર ના રહા...''

## ગાંધીનગરમાં દીકરી જન્મદરને પ્રોત્સાહન આપવા દીકરી વધામણા કિટ અપાશે

ગાંધીનગર, તા.૨૭

જાતિ પ્રમાણ જળવાઈ રહે અને કુરિવાજો, અંધશ્રધ્ધા અને અન્ય કારણોસર દીકરીઓનું જન્મનું પ્રમાણ ઘટાવવા માટે કરવામાં આવતાં ગર્ભ તથા જાતીય પરિક્ષણ અટકાવવું ખૂબ જરૂરી છે. આ પ્રકારનું પરીક્ષણ કરી આપતાં વ્યક્તિઓ સામે કાયદા અનુસાર સખત પગલા ભરવા માટે આજરોજ ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી કુલદીપ આર્યએ બેટી બચાવો બેટી પઠાવો યોજનાના અસરકાર અમલીકરણ માટે યોજાયેલ બેઠકમાં જણાવ્યું હતું.

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે, બેટી બચાવો અભિયાન થકી આજે સમાજમાં દીકરા-દીકરી એક સમાનનો ભાવ કેળવાઈ રહ્યો છે. તેમ છતાં અમુક વિસ્તારમાં કુરિવાજો, અંધશ્રધ્ધા અને ઓછી જાગૃતિના કારણે જાતીય પરીક્ષણ ખાનગી રીતે કરાવી ગર્ભમાં જ દીકરીને મારી નાખવાનું કૃત્ય થતાં હોય છે. જેથી સમાજમાં દીકરીઓનું મહત્વ શું છે, દીકરીઓને કેમ શિક્ષણ આપવું અને દીકરીઓની સલામતી જેવી અનેક બાબતોની જાગૃતિ લાવવી ખૂબ જરૂરી છે. દીકરીનો જન્મ થાય ત્યારે કુટુંબના સભ્યો આનંદ અને ઉત્સાહથી કહે કે મારે ઘરે દીકરીનો જન્મ થયો છે, તેવો માહોલ સમાજમાં ઉભો કરવો ખૂબ જ જરૂરી છે. જીલ્લા વહીવટી તંત્ર દ્વારા દિકરી જન્મદરને પ્રોત્સાહન આપવા માટે જ્યાં દિકરીઓનો જન્મ થશે ત્યાં કુટુંબને દિકરી વધામણા કીટ આપવામાં આવશે, તેવું પણ જણાવ્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર. રાવલે જણાવ્યું હતું કે, ભારત સરકાર દ્વારા દિકરીના જન્મને પ્રોત્સાહન આપવા અને ગર્ભ પરિક્ષણ તથા જાતીય પરિક્ષણ અટકાવવા તેમજ દિકરીની સુરક્ષા-સલામતી વધારવા દિકરીઓમાં શિક્ષણનું પ્રમાણ વધારવા બેટી બચાઓ બેટી પઢાઓ અભિયાન અમલી બનાવ્યું છે.

ગાંધીનગર કલેકટરશ્રીની અધ્યક્ષતામાં મળેલી ટાસ્ક ફોર્સ સમિતિની બેઠકમાં વિવિધ કચેરીઓ, સંસ્થાઓ, કેન્દ્રો, બિનસરકારી સંસ્થાઓના સંકલન કરવામાં આવ્યું હતું.





ભારતીય સીમા સુરક્ષા દળ-બીએસએફ તેનો ૫૫ મા સ્થાપના દિવસ તા. ૧લી ડિસેમ્બરે ઉજવશે. જેને અનુલક્ષીને બીએસએફના ગાંધીનગર ખાતેના ગુજરાત ફ્રન્ટિયર એકમ દ્વારા રસોઈ તથા રંગોળી સ્પર્ધા, ક્રિકેટ ટૂર્નામેન્ટ, રસ્સાખેંચ, વૉલીબોલ સ્પર્ધા વગેરેનું આયોજન કરવામાં આવ્યુ છે. આ સાથે આજે ગુજરાત ફ્રન્ટિયર યુનિટથી ૨૦ કિમી સુધીની સાયકલ રેલી પણ યોજવામાં આવી હતી. જેને બીએસએફના ગુજરાત ફ્રન્ટિયરના મહાનિર્દેશક જી.એસ. મલિકે લીલી ઝંડી દેખાડી પ્રસ્થાન કરાવ્યું હતું. આ સાયકલ રેલીમાં બીએસએફના અધિકારીઓ, પદાધિકારીઓ તથા અન્ય કર્મચારીઓ-જવાનોએ પણ ભાગ લીધો હતો. સાયકલ રેલીના સમાપને જી.એસ. મલિકે વર્ષ ૨૦૧૮-૧૯ માટેની ''અશ્વિની ટ્રોફી'' ગુજરાત ફ્રન્ટિયર યુનિટ દ્વારા જીતવા બદલ અભિનંદન પાઠવતા કહ્યું હતું કે ''સમગ્ર સીમા સુરક્ષા દળમાં ગુજરાત ફ્રન્ટિયર સ્પોર્ટસ અને તાલીમ ક્ષેત્રે શ્રેષ્ઠ જાહેર કરાયું છે જે યુનિટના તમામ કર્મીઓની મહેનતના કારણે શક્ય બન્યું છે.

## હવે આરોગ્ય કર્મચારી મહામંડળ પણ આજથી આંદોલનના માર્ગે

ગાંધીનગર, તા. ૨૭

રાજ્યના તલાટી મહામંડળ અને મહેસુલી કર્મચારી મહામંડળના આંદોલન બાદ આજે રાજ્યના આરોગ્ય કર્મચારી મહામંડળે પણ આંદોલનની જાહેરાત કરી છે.

રાજ્યના આરોગ્ય કર્મચારી મહામંડળે આજથી કામગીરી કરવાની પણ તેનુ રિપોર્ટીંગ નહિ કરવામાં આવે તે પ્રકારનો અસહકારના આંદોલનની જાહેરાત કરી છે.

મહામંડળના પ્રમુખ કિરીટસિંહ ચાવડા, કન્વીનર સુરેશભાઈ ગામીત અને મહામંત્રી વજુભા જાડેજાએ આજે રાજ્યના આરોગ્ય કર્મચારી મહામંડળના પગાર વિસંગતતા સહિતના ૧૩ થી વધુ પ્રશ્નો અંગે સરકાર દ્વારા કોઈ જ ઉકેલ ના આવતાં આંદોલનની જાહેરાત કરી છે.

મહામંડળની યાદીમાં જણાવ્યા મુજબ ૨૮-૧૧ થી રોજની જોબ ચાર્ટને લગતા વર્કલોડ તથા અન્ય તમામ કામગીરી કરવી પણ તેનુ રિપોર્ટીંગ નહિ કરવાનો નિર્ણય લીધો છે.

૧-૧૨-૧૯ થી મ.પ.હે.વ. અને ફિમેલ વર્કર ટેકો મોબાઈલ ત્રણ દિવસ લોગઆઉટ સ્વીચ ઓફ રહેશે અને તાલુકાની કચેરીએ જમા કરાવશે. ૯-૧૨-૧૯ના સુધીમાં જો પ્રશ્નોનો ઉકેલ ના આવે તો માસ સી.એલ.નો કાર્યક્રમ આપવામાં આવ્યો છે.

આ પછી ૧૭ ડિસે.થી આરોગ્ય કમિશનરશ્રીની કચેરીએ જઈ સૂત્રોચ્ચાર અને સામુહિક રજુઆત કરવામાં આવશે. ત્યારબાદ આંદોલન જલદ બનાવવામાં આવશે તેમ આ યાદીમાં જણાવ્યુ છે.

રાજ્ય સરકાર સામે કર્મચારી મંડળોએ ચડાવેલી બાંયોને પગલે આગામી દિવસોમાં રાજકીય ગરમી વધશે એટલુ જ નહિ પણ રૂપાણી સરકાર સામે નવા પડકારો ઉભા થશે તેમ રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યુ છે. સંવેદનશીલ સરકાર કર્મચારીઓના પ્રશ્નો પરત્વે અસંવેદનશીલ છે તો પ્રજાના પ્રશ્નો ક્યારે ઉકેલાશે તેને લઈ ચર્ચાઓએ જોર પકડ્યું છે.

## મુક્તિધામ ખાતે રાતભર ''પારેખદાદા''ની વાંસળીવાદન સાથે ભક્તિ-સંગીતના સૂર રેલાયાં

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના મુક્તિધામ સ્મશાન ખાતે મંગળવારે રાત્રે કારતક માસની અમાસ નિમિત્તે શાંતિ અર્થે દર વર્ષે પ્રવિણચંદ્ર પારેખ ઉર્ફે પારેખદાદા દ્વારા કારતક માસની અમાસે સ્મશાનમાં રાતભર વાંસળીવાદન કરવામાં આવે છે.



સતત ૨૮મા વર્ષે પારેખદાદાની વાંસળીના સૂરના સથવારે રાતભર ભક્તિ-સંગીત ગૂંજી ઉઠ્યું હતું. શહેરના નામી-અનામી મૃતાત્માઓના આત્માની સદ્ગતિ-આ વર્ષે ૭૫ વર્ષની જૈફવયે પહોંચ્યા પછી પણ તેમણે આ ક્રમ જાળવી રાખ્યો હતો.

પારેખદાદાની વાંસળીવાદન સાથે તેમને તબલા પર રાજેશ શ્રીમાળી, ઋષિ શ્રીમાળી, ચંદ્રકાન્ત પંડ્યા, હસમુખ શ્રીમાળી અને યુવા તબલચી કશ્યપનો સાથ મળ્યો હતો. જ્યારે મંજીરાની ખનક વડોદરાથી આવેલા રૂપલ રાજપરાએ પુરી પાડી હતી. પારેખદાદાના ભક્તિસંગીતની સાથે સાથે શહેરના ગાયકો પુષ્પાબેન વૈષ્ણવ અને રાજુભાઈ શ્રીમાળીએ પણ ભક્તિસંગીત, સૂફી-સંગીત વગેરેની રજૂઆત કરી હતી. આ કાર્યક્રમને માણવા શહેરના અગ્રણીઓ જેવા કે આશાબેન સરવૈયા, જયરાજસિંહ સરવૈયા, કરણસિંહ વાઘેલા, અમદાવાદથી આવેલા વિપુલ ઠક્કર સહિત વિવિધ મહેમાનોએ હાજરી આપી કાર્યક્રમને માણ્યો હતો. કાર્યક્રમ સાંજે ૭ વાગે શરૂ થઈ સવાર સુધી ચાલ્યો હતો જેનુ સમાપન પ્રભાતિયા સાથે થયુ હતુ. કાર્યક્રમમાં પેથાપુરના જનક ચા વાળા મહેશભાઈએ ચા-પાણી, રાજેશ પારેખે નાસ્તાની, રાંદેસણના ભરતસિંહ વાઘેલાએ સાઉન્ડની, હેતલ મંડપવાલાએ ગાદલાંની તથા સુભાષ વાઘેલા, ચંદુભાઈ, રોહિતભાઈ વગેરેએ અન્ય વ્યવસ્થાની સેવા પુરી પાડી હતી. મુક્તિધામ ખાતે યોજાનારા પારેખદાદાના આગામી કાર્યક્રમમાં જાણીતા કલાકાર કિર્તીદાન ગઢવી પધારશે તેવી પણ અત્રે જાહેરાત કરાઈ હતી. કાર્યક્રમને મોટી સંખ્યામાં ભક્તિ-સંગીત રસિકોએ માણ્યો હતો.

## ૩૧મી ડિસે. સુધીમાં ખેડૂતોને નુકસાનીની સહાયતા ચૂકવાશે

ગાંધીનગગ, તા.૨૭

આ વર્ષે રાજયમાં ચોમાસામાં વધુ વરસાદ થતા અતિવૃષ્ટી થઈ છે. પહેલા વાવાઝોડાનો કહેર અને વરસાદની મોસમ પત્યા પછી માવઠા અને કમોસમી વરસાદનાં કારણે રાજયનાં મોટાભાગનાં ખેડૂતોનાં ઉભા પાકને વ્યાપક નુકસાન થયું છે. રાજયમાં માવઠાંના કારણે છ લાખ હેકટરથી વધુ જમીનમાં પાકને નુકસાન થયું છે. આ અંગે મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં આજે મહત્વની કેબિનેટ બેઠક યોજાઇ હતી. જે બાદ કૃષિમંત્રી આર.સી.ફળદુએ મીડિયા સમક્ષ જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, જે ખેડૂતોને ૩૦ ટકાથી વધુનું નુકસાન થયું છે તેમને કેન્દ્ર અને રાજ્ય સરકાર મળીને સહાય કરશે. અસરગ્રસ્ત ખેડૂતોને આ સહાય તા.૩૧મી ડિસેમ્બર સુધીમાં મળી જશે. કૃષિમંત્રી આર. સી ફળદુએ વધુમાં જણાવ્યું કે, આ વર્ષે વીતેલા ૧૦થી ૧૫ વર્ષમાં વધુ વરસાદ થયો છે જેના કારણે ખેડૂતોને પાકમાં બહુ મોટુ નુકસાન થયું છે.

## જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા ચિલોડા પ્રાથમિક શાળા ખાતે બંધારણ દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર તાલુકાની ચિલોડા મોટા સ્થિત પ્રાથમિક શાળા ખાતે ૨૬મી નવેમ્બર ૧૯૪૯ના સંવિધાનની ૭૦મા વર્ષગાંઠની ઉજવણી અંતર્ગત જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગરના ઉપક્રમે સભા અને જનજાગૃતિ રેલીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.




આ જનજાગૃતિ અભિયાનમાં પીએલવી નટુભાઈ પટેલે સંવિધાનની રચના, કામગીરી, મહાપુરુષોનું યોગદાન, સંવિધાનનું મહત્વ, અધિકારો અને નાગરિકોની મૂળભૂત ફરજોની વિસ્તૃત માર્ગદર્શન અને માહિતી વિદ્યાર્થીઓને સમજાવી હતી. આ સાથે પીએલવી રાજુભાઈ ગજ્જરે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળની પ્રવૃત્તિ વિશે સમજ પુરી પાડી હતી. આ પ્રસંગે શાળાના પટાંગણમાંથી સંવિધાન અને નાગરિકની મૂળભૂત ફરજો અંગેના બેનરો સહિત ગામના મુખ્ય માર્ગો પર રેલી કાઢવામાં આવી હતી. જેમાં જનજાગૃતિ રેલીમાં ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓ તથા શિક્ષકો ખૂબ જ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. આ કાર્યક્રમમાં શાળાના શિક્ષક મેહુલભાઈ પ્રજાપતિએ બંધારણની પ્રસ્તાવનાનું વિદ્યાર્થીઓને વાંચન કરાવી શપથ લેવડાવ્યા હતા.

## સે-૧૧ માં ૬ મજલાનુ કોર્ટ બિલ્ડીંગ બાંધવા ટુંકમાં નકશો - પ્લાન તૈયાર થઇ જશે

**અદ્યતન અને સુવિધાયુક્ત કોર્ટ બિલ્ડીંગના નિર્માણ માટે સે-૧૧ માં ૧૯૩૭૫ ચો મી જગ્યા ફાળવવામાં આવી છે**

ગાંધીનગર તા ૨૭

શહેરમાં સે-૧૧ ખાતે કોર્ટ બિલ્ડીંગના નિર્માણ માટે જગ્યા ફાળવવામાં આવી છે. શહેરના રામકથા મેદાનમાં ૧૯૩૭૫ ચોમી જગ્યા ફાળવવામાં આવતા આગામી દિવસોમાં આ સ્થળે કોર્ટ બિલ્ડીંગના નિર્માણનુ કામ હાથ ધરાશે. આ કાર્યયોજના અન્વયે હાલ ટાઉન પ્લાનીંગ કક્ષાએ નકશો- પ્લાન તૈયાર કરવાનુ કામ હાથ ધરાયુ છે. કોર્ટ બિલ્ડીંગને સુવિધાયુક્ત અને અદ્યતન બનાવવા માટે ટુંકમાં કાર્યયોજના તૈયાર થઇ જશે.

શહેરના સે-૧૧ માં હાલ જિલ્લા ન્યાયાલયનુ બિલ્ડીંગ સ્થિત છે. આ બિલ્ડીંગમાં હાલ લીફટની સુવિધા પણ નથી જયારે વકીલો પણ સંકુલમાં ખુલ્લામાં બેસી રહ્યા છે. અલબત્ત વકીલો માટે પર્યાપ્ત શેડ પણ નથી. કોર્ટ સંકુલમાં આનુસંગિક સુવિધાઓનો પણ અભાવ વર્તાય છે. જેને ધ્યાને લઈને અગાઉ હયાત બિલ્ડીંગ પર નવા માળ બાંધવા માટે પણ આયોજન કરાયુ હતુ. પરંતુ આખરે નવી જગ્યા ફાળવી નવેસરથી બિલ્ડીંગ બાંધવાનો નિર્ણય લેવાતા હવે સેકટરમાં જ અદ્યતન કોર્ટ સંકુલ બનાવવા માટે આયોજન કરાયુ છે. આ માટે સે-૧૧ માં રામકથા મેદાનમાં ૧૯૩૭૫ ચો મી જગ્યા ફાળવવામાં આવી છે.

જયારે આ ઠેકાણે અંદાજિત ૬ મજલાનુ કોર્ટ બિલ્ડીંગ બનાવવા માટે પણ આયોજન કરાશે આગામી દિવસોમાં નવા કોર્ટ બિલ્ડીંગના નિર્માણ માટે ટાઉન પ્લાનીંગ કક્ષાએથી નકશો અને પ્લાન તૈયાર કરી દેવાશે. જયારે આગામી દિવસોમાં બિલ્ડીંગના નિર્માણનુ કામ હાથ ધરાશે. અદ્યતન અને સુવિધાયુક્ત બિલ્ડીંગના નિર્માણ માટે કામગીરી હાથ ધરાશે.




સંવિધાન દિવસના પરિપ્રેક્ષ્યમાં આજે સેક્ટર-૩-સી ખાતે કાનુની માર્ગદર્શન શિબિરનું આયોજન કરાયુ હતુ. જેમાં સ્થાનિક કોર્પોરેટર ઉર્મિલાબેન વર્મા તથા પેરાલીગલ વોલિયન્ટર રામભાઈ પરમાર અને વિનયકાન્ત ડોડીયાએ ઉપસ્થિત રહી રહીશોને માર્ગદર્શન આપ્યુ હતુ.

## ગુજરાત વિધાનસભા ખાતે શ્રી ગણેશ વાસુદેવ માવળંકરની ૧૩૨મી જન્મ જયંતી નિમિત્તે તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરાઈ



ગાંધીનગર, તા.૨૭

તા.૨૭મી નવેમ્બર ૧૮૮૮એ વડોદરા ખાતે જન્મેલ, 'દાદા સાહેબ' નામથી લોકહૃદયમાં પ્રતિષ્ઠિત બનેલા, ભારતીય સ્વાતંત્ર્ય સેનાની તથા આઝાદ ભારતની પ્રથમ સંસદના પ્રથમ અધ્યક્ષ શ્રી ગણેશ વાસુદેવ માવળંકરની ૧૩૨મી જન્મ જયંતી નિમિત્તે વિધાનસભા પોડિયમમાં મુકાયેલા તેમના તૈલચિત્રને વિધાનસભા અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી દ્વારા ભાવસભર પુષ્પાંજલિ આપવામાં આવી હતી.

આ પ્રસંગે અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ વિધાનસભા પોડિયમ ખાતે ઉપસ્થિત 'સંસ્કારમ્ પબ્લિક સ્કૂલ, હરિયાણાના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ સાથે શ્રી ગણેશ વાસુદેવ માવળંકરના જીવનના આઝાદીકાળ સમયના પ્રેરણાદાયી સંસ્મરણો યાદ કરતાં કહ્યું કે, તેઓ ભારતની ઊગતી સંસદીય લોકશાહીમાં સંગીન પ્રણાલિકાઓ પાડનારા આદર્શ અધ્યક્ષ હતા. વધુમાં તેમણે વિદ્યાર્થીઓને માવળંકરજીના આદર્શોને અનુસરવા આહવાન કર્યુ હતું.

**કાર્યપાલક ઈજનેર અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ મોડાસા**

**જાહેર નિવિદા નં. ૦૪ (પ્રથમ પ્રયત્ન)/૨૦૧૯-૨૦**

કાર્યપાલક ઈજનેરશ્રી અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ મોડાસા (ફોન નં. ૨૭૭૪-૨૫૦૦૨૦) દ્વારા અલગ-અલગ તાલુકાના ગામોમાં નવીન પંચાયત ઘરોના બાંધકામના કામો જેની અંદાજીત રકમ રૂ. ૧૩.૦૬ લાખ થવા જાય છે. જે માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ સીસ્ટમથી ટેન્ડર માંગવામાં આવે છે. જે વેબસાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૨૯/૧૧/૨૦૧૯ થી તા. ૧૨/૧૨/૨૦૧૯ સુધીમાં ટેન્ડરો ઓનલાઈન ભરવાના રહેશે. નોટીસ અંગેની માહિતી ઉપરોક્ત વેબસાઈટ પર તથા માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.com ઉપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીના નોટીસ બોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

નામાનિ/હિંમત/૩૧૬/૧૯

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

**પ્રાંતિજ નગરપાલિકા**

**જાહેરાત**

પ્રાંતિજ નગરપાલિકામાં એપ્રિન્ટિસ એક્ટ-૧૯૬૧ હેઠળ નીચે જણાવેલ વિવિધ ટ્રેડમાં સને ૨૦૧૯-૨૦ના વર્ષમાં એપ્રિન્ટિસ માટે નીચે મુજબની લાયકાત અને અનુભવ ધરાવતા તદ્દન હંગામી ધોરણે આ કામગીરી કરવા ઈચ્છતા નોકરી વાંચ્છુઓએ તા. ૨૯/૧૧/૨૦૧૯ને શુક્રવારના રોજ સમય સવારે ૧૦-૩૦ કલાકે લાયકાત અને અનુભવના અસલ પ્રમાણપત્રો તેમજ ૧-સેટ સ્વ-પ્રમાણિત નકલ સાથે સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે.

| અ.નં. | જગ્યાનું નામ | લઘુત્તમ લાયકાત |
|---|---|---|
| ૧ | કોમ્પ્યુટર ઓપરેટર | આઈ.ટી.આઈ. પાસ COPA (શ્રુતી ભાષાના જાણકાર) |
| ૨ | ડ્રાફ્ટમેન (સિવિલ) | આઈ.ટી.આઈ. પાસ |
| ૩. | સર્વેયર | આઈ.ટી.આઈ. પાસ |
| ૪ | વાયરમેન કમ ઈલેક્ટ્રીશન | આઈ.ટી.આઈ. પાસ |
| ૫ | મીકેનીકલ આર્મીચર, મોટર રીવાયડીંગ | આઈ.ટી.આઈ. પાસ |
| ૬ | મોટર મીકેનીકલ | આઈ.ટી.આઈ. પાસ |
| ૭ | સેનેટરી હેલ્થ ઈન્સ્પેક્ટર | આઈ.ટી.આઈ. પાસ |
| ૮ | પલ્બર | આઈ.ટી.આઈ. પાસ |

શરતો :
(૧) સરકારશ્રી દ્વારા નિયત કરેલ રકમ સ્ટાઈપેન્ડ પેટે ચુકવવામાં આવશે.
(૨) એપ્રિન્ટિસ માટે પસંદ થયેલ ઉમેદવાર નગરપાલિકામાં ભવિષ્યમાં કાયમી થવા માટે કોઈપણ હક્ક દાવો કે કોર્ટ કેસ કરી શકશે નહી.
(૩) એપ્રિન્ટિસશીપનો સમયગાળો પૂર્ણ થયેથી આપોઆપ છૂટા થયેલા ગણવામાં આવશે તેમજ અગાઉ એપ્રિન્ટિસશીપ પૂર્ણ કરેલ ઉમેદવારોએ અરજી કરવાની રહેશે નહીં.

સહી/-

વિશાલ બી. પટેલ, ચીફ ઓફીસર, પ્રાંતિજ નગરપાલિકા
કોકીલાબેન વી. પટેલ, ચેરમેન, કારોબારી સમિતિ
નયનકુમાર બી. દેસાઈ, ઉપપ્રમુખ, પ્રાંતિજ નગરપાલિકા
ગીતાબેન એસ. પટેલ, પ્રમુખ, પ્રાંતિજ નગરપાલિકા